# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૩૧/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## સુરતમાં અનાજ – કરીયાણાની એપીએમસી માર્કેટ માટે જમીન ફાળવવા ચેમ્બરની રાજયના મહેસૂલ મંત્રીશ્રીને ગાંધીનખર ખાતે રજૂઆત

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇની આગેવાની હેઠળ સુરત હોલસેલ ગ્રેઇન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી ઝવેરી જૈન અને અન્ય હોદ્દેદારોના પ્રતિનિધિ મંડળ દ્વારા તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે રાજય સરકારના માનનીય મહેસૂલ મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલની મુલાકાત લઇ સુરતમાં અનાજ અને કરીયાણાની એ.પી.એમ.સી. માર્કેટ માટે સત્વરે જમીનની ફાળવણી કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, સુરતમાં એપીએમસી માર્કેટ છે પરંતુ તેમાં અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની કોઇ અલગ સુવિધા નથી. ગુજરાતના મોટાભાગના શહેરોમાં અનાજ માટે માર્કેટ યાર્ડ છે પરંતુ વિશ્વમાં જેની ગણના ચોથા વિકસતા શહેર તરીકે છે ત્યાં સુમારે છ કરોડ જેટલી વસતિને જથ્થાબંધ અનાજના વેચાણ કરતા વેપારીઓની તાતિ જરૂરિયાત રહે છે. સુરતમાં વ્યવસ્થિત માર્કેટ ન હોવાને કારણે વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રાજયમાં ૨૧૪ જેટલી એપીએમસી માર્કેટો રચાયેલી છે. આ બધી જગ્યાઓ ઉપર અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની સુવિધાઓ છે. જેવી કે અમદાવાદ, રાજકોટ, બરોડા, ભરૂચ, સાણંદ, ખંભાત, બાવડા, બારેજા, સાબરકાંઠા, હિંમતનગર, મોડાસા, ગાંધીધામ, ગોંડલ, કેશોદ, જુનાગઢ વિગેરે સ્થળોએ અનાજ માર્કેટ યાર્ડ અલગ કાર્યરત છે. આથી સુરતમાં પણ અનાજ સંદર્ભે માર્કેટ યાર્ડની અલગ સુવિધા માટે રજૂઆત કરવામાં આવી હતી. માનનીય મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલે ખૂબ જ શાંતિપૂર્વક રજૂઆતને સાંભળી હતી અને માર્કેટ યાર્ડની સુવિધા વિશે હકારાત્મક વલણ દાખવ્યુ હતુ. સુરતના માનનીય કલેકટરશ્રી ડો. ધવલ પટેલ સાથે ચર્ચા વિચારણા કરી આ અંગે ચેમ્બરને સત્વરે જાણ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યુ હતુ.